| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩ | ૦૧ | ૨૦૨૧ |
| રજીસ્ટર તારીખ | ૧૩ | ૦૧ | ૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૦૧ | ૦૧ | ૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૧ | ૧૯ |

**મે.નામદાર એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (ડી.આર.જોષી) સાહેબની કોર્ટમાં,**
**કોર્ટ નંબર–૧૨, મુ.અમદાવાદ.**

**ક્રિ.કેસ નં.૭૭૭૨/૨૦૨૧.**
**આંક:–૧૨.**

ફરીયાદી:– **શ્રી સરકાર.**
**વટવા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૦૧૦૭૦/૨૦૨૦.**

**વિરુધ્ધ**

આરોપીઓ:– **(૧) સાંકળચંદભાઈ સ/ઓ ભોલાજી જીવાજી પ્રજાપતિ.**
રહે.મ.નં.બી–ર, શ્રીરાજ બંગ્લોઝ, વૈજનાથ મહાદેવ પાસે,
સ્મૃતિ મંદીર રોડ, ઘોડાસર, અમદાવાદ શહેર.

**(૨) ગોપાલભાઈ ઉર્ફે ગોપી સ/ઓ ભોલાજી જીવાજી પ્રજાપતિ.**
રહે.મ.નં.૬, સિધ્ધેશ્વર બંગ્લોઝ, વૈજનાથ મહાદેવ પાસે,
સ્મૃતિ મંદીર રોડ, ઘોડાસર, અમદાવાદ શહેર.

**(૩) અશોકભાઈ સ/ઓ ભોલાજી જીવાજી પ્રજાપતિ.**
રહે.મ.નં.૧૧, સિધ્ધેશ્વરી બંગ્લોઝ, વૈજનાથ મહાદેવ પાસે,
સ્મુતિ મંદીર રોડ, ઘોડાસર, અમદાવાદ શહેર.

**ચાર્જ:– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩–૨૯૪(ખ)–૧૧૪ મુજબ.**

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ઝેડ.રાજપુત.**
**આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી જે.જી.પરમાર.**

---

**–: ચૂકાદો :–**

---

(૧) સદર કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુન્હાના આક્ષેપો છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮–૧૧–૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યે ઘોડાસર સિધ્ધેશ્વરી બંગ્લોઝ ફરીયાદીના મકાન નં.૭ ની પાસે જાહેરમાં ફરીયાદીની ગાડી નં.જી.જે.૨૭.એ.એચ.૩૩૯૫ ની પાર્ક કરવા બાબતે ફરીયાદી સાથે ઝઘડો કરી ફરીયાદી તથા તેમના પતિ સાથે ગાળાગાળી કરી ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ નોંધાવતા, સદર ગુનાના તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આંક–૦૧ મુજબનું ચાર્જશીટ કરેલ.

(૩) આ કામનાં આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડી, તેઓ વિરૂધ્ધના આક્ષેપોનો સારાંશ તેઓને વાંચી સંભળાવી સમજાવી, આંક–૦૩ થી આંક –૦૫ સુધી આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ આક્ષેપિત ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરેલ. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ હતો.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદી ભાવનાબેન જયકુમાર મહેતાની જુબાની | ૦૭ |
| ૨ | સાહેદ જયકુમાર જયોતિશચન્દ્ર મહેતાની જુબાની | ૧૦ |
| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૩ | કલોઝીંગ પુરસીસ | |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૫) ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા સંદર્ભે આ કામના આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ની જોગવાઈ મુજબ વિશેષ નિવેદન નોંધવાપાત્ર પુરાવો રજુ થયેલ ન હોવાથી આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદર કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દા :–**

(૧). શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮–૧૧–૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યે ઘોડાસર સિધ્ધેશ્વરી બંગ્લોઝ ફરીયાદીના મકાન નં.૭ ની પાસે જાહેરમાં ફરીયાદીની ગાડી નં.જી.જે.૨૭.એ.એચ.૩૩૯૫ ની પાર્ક કરવા બાબતે ફરીયાદી સાથે ઝઘડો કરી ફરીયાદી તથા તેમના પતિ સાથે ગાળાગાળી કરી ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ)–૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો અને નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

મુદ્દા નંબર – ૧ '' નકારમાં''.
મુદ્દા નંબર – ૨ '' આખરી હુકમ મુજબ''.

**– : <u>પુરાવાનું અર્થઘટન તેમજ નિર્ણયો માટેનાં કારણો</u> : –**

**<u>મુદ્દા નં.૧ અને ૨:–</u>**

(૮) ઉપસ્થિત મુદ્દા નં. ૧–૨ની હકિકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, ઉપરોકત બંને મુદ્દાઓની એકીસાથે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૮.૧) કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુનો વ્યાજબી

શંકારહિત પુરવાર કરવાનો હોય છે અને જે સાબિત કરવાનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. સૌપ્રથમ, સદર કામે ફરીયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી ભાવનાબેન જયકુમાર મહેતાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તા.૦૮–૧૧–૨૦૨૦ ના રોજ સાંજના ૫–૦૦ વાગે બનેલો. તેમનો પુત્ર પાર્થ ગાડી લઈને સિધ્ધપુર ગયેલો અને આવીને તેઓની ગાડી આરોપીઓના ઘર પાછળ જાહેર રસ્તા ઉપર પાર્ક કરેલ. જેથી વજુબહેને ગાડી લઈ લેવાનું કહેતા તેમના દિકરાએ વજુબહેનને ગાડી લઈ લઈશુ તેમ કહેલ. ત્યારબાદ રાત્રીના ૦૯–૦૦ વાગે તેઓ બધા જમવા બેઠેલ હતા ત્યારે સાંકળભાઈ, ગોપીભાઈ અને અશોકભાઈ આવેલા અને તેઓની સાથે બોલાચાલી કરેલ. આ બાબતે તેઓએ ફરીયાદ નોંધાવેલ હોવાનું જણાવી આંક–૦૮ થી રજુ થયેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, તેઓ સિધ્ધેશ્વરી બંગ્લોઝમાં છેલ્લા ૧૪ વર્ષથી રહે છે. તેઓ સ્વીકારે છે કે, આરોપી સાંકળચંદભાઈએ તેઓને ધમકી આપેલ તે વાત તેઓએ ફરીયાદમાં લખાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, રાત્રીના ૦૯–૦૦ વાગે બનાવ બનેલો. તે સમયે તેઓ, તેમના પતિ તથા બંને પુત્રો ઘરે હાજર હતા. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીઓ સાથે અગાઉ પણ તકરાર થયેલ હતી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આરોપીઓ સગા ભાઈઓ થતા હોવાથી તેઓના નામ ફરીયાદમાં ખોટી રીતે લખાવેલ છે. તેઓએ ફરીયાદમાં સહી કરતા પહેલા ફરીયાદ વાંચેલી.

(૮.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ જયકુમાર જયોતિશચન્દ્ર મહેતાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં ફરિયાદીના મૌખિક પુરાવાને સમર્થન કરતો પુરાવો રજુ કરે છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, સાંકળચંદભાઈએ તેઓને ધમકી આપેલ તે વાત તેઓએ ફરીયાદમાં લખાવેલ નથી.

(૮.૩) વધુમાં, ફરીયાદપક્ષે આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે. જે બચાવપક્ષે કબુલ રાખતા પુરાવામાં ગ્રાહય રાખવામાં આવેલ છે. તે સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૯) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં આ કામના ફરિયાદી તથા સાહેદ આરોપીઓએ તેઓ સાથે બોલાચાલી કરેલ હતી તેટલો જ પુરાવો રજુ કરે છે. ફરિયાદી તેમજ સાહેદના પુરાવામાંથી આરોપીઓએ બનાવ સમયે તેઓને ગાળો બોલી ગડદાપાટુંનો માર મારેલ હતો તેવી કોઈ હકિકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ નથી. માત્ર આરોપીઓ સાથે બોલાચાલી થયેલ હોવા માત્રથી ફરિયાદીએ હાલની ફરિયાદ નોંધાવેલ હતી તેવું ફલિત થાય છે. આમ, ફરિયાદી તેમજ સાહેદના પુરાવામાંથી આરોપીઓએ આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે સાબિત થતું નથી. વધુમાં, ફરિયાદપક્ષે રજુ કરેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં આ કામના આરોપીઓને ગુન્હા સાથે સાંકળતી કોઈ હકિકત જણાઈ આવતી નથી. ફરિયાદપક્ષે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. ફરિયાદી તેમજ સાહેદ કે જેઓ પતિ-પત્નિ છે અને આક્ષેપિત બનાવમાં ઈજા પામનારા સાહેદો છે તેઓના પુરાવા થકી આરોપીઓએ આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું સાબિત થયેલ નથી ત્યારે ફરિયાદપક્ષ અન્ય કોઈ પુરાવો રજુ કરે તો પણ કેસના ગુણદોષ ઉપરના ન્યાયનિર્ણયમાં ફેરફાર થવાની શકયતા નહિવત જણાઈ આવે છે. આમ, સમગ્ર વિગતે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૦) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીઓને આક્ષેપીત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ, ઉપસ્થિત મુદ્દા નં. ૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૨૫૫(૧)ની જોગવાઈ મુજબ આ કામના આરોપીઓને તેઓની વિરૂધ્ધના આક્ષેપીત ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩-૨૯૪

(ખ)–૧૧૪ મુજબનાં ગુન્હા સબબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ)ની જોગવાઈ મુજબ આરોપીઓના જામીન તેમજ જાતમુચરકો રદ કરવામાં આવતા નથી પરંતુ સદર હુકમ વિરુધ્ધ જો અપીલ થાય તો વધુ છ માસના ગાળા માટે અગાઉના જામીનને ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૧/૨૦૨૪.
મુકામ:– અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૯૪૫.

P.A.(Grade-II)
G.C.CHAUHAN.